સુવિચાર : એ જ માણસ સમાજમાં સાચા અર્થમાં મોટો ઠરી શકે, જે પોતાના શુદ્ધ અંતઃકરણને વફાદાર હોય - મોરારિ બાપુ

**તાપમાન**
મહત્તમ : ૩૨.૫ ડીગ્રી
લઘુતમ : ૧૨.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૦ ટકા ● સાંજે ૪૦ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર


Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૯૭ | ૭ જાન્યુઆરી, ૨૦૧૬, ગુરૂવાર ; માગશર વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- પઠાણકોટ એટેક : ઠાર ત્રાસવાદી અંગે વધુ માહિતી મેળવવા તપાસ
- સંજય દત્ત ફેબ્રુઆરીમાં છુટી જાય તેવી શક્યતા
- અર્ધલશ્કરી દળમાં મહિલા માટે ક્વોટાને અંતે બહાલી
- કેન્દ્રીય કર્મીઓનો પગાર વધારો જૂન પહેલા નહીં
- ટ્રેન ટિકિટમાં પૂર્ણ નામ હવે ફોર્મ પર લખવું ફરજિયાત
- સૌથી ઘૃણાસ્પદ લોકોમાં કેજરીવાલ પ્રથમ ક્રમે
- અરૂણાચલ રાજ્યપાલ વિરૂદ્ધ મોદીને ફરિયાદ
- ધુમ્મસના કારણે રેલવે ટાઇમ ટેબલમાં ફેરફાર
- કાશ્મીરમાં ગ્રેનેડથી હુમલો, પાંચ શંકાસ્પદો દેખાઇ ગયા

# આઈએસઆઈના ઈશારે પઠાણકોટમાં હુમલો

**અમેરિકાના પૂર્વ અધિકારીની પણ કબૂલાત : પઠાણકોટ અને મજારે શરીફ પર હુમલા એક જ સંગઠન જૈશ દ્વારા કરાયા : અફઝલના બદલાના ઈરાદાથી હુમલા**



નવીદિલ્હી,તા. ૬

માર્યા ગયેલા ત્રાસવાદીઓના સંદર્ભમાં વધુ માહિતી મેળવવામાં આવી રહી છે. મજારે શરીફ સ્થિત ભારતીય વાણિજ્ય દૂતાવાસ પર રવિવારના દિવસે હુમલો કરનાર ચાર ત્રાસવાદીઓએ મરતા પહેલા લોહીથી સંદેશાઓ લખ્યા હતા અને કહી દીધું હતું કે, અફઝલ ગુરુના મોતનો બદલો લેવા માટે તેઓ આવ્યા હતા. ભારતીય કોન્સ્યુલેટ ઉપર હુમલો હાલમાં જ અફઘાનિસ્તાનમાં કરવામાં આવ્યો હતો. એક સાક્ષી મુજબ આવી જ વાત પઠાણકોટમાં ઘુસી ગયેલા ત્રાસવાદીઓએ કરી હતી. એક અગ્રણી અંગ્રેજી અખબારના અહેવાલ મુજબ ગંભીરરીતે ઘાયલ થયેલા ત્રાસવાદીએ દમ તોડતા પહેલા દિવાલ પર લોહીથી લખ્યું હતું કે, તેઓ ૧૩મી ડિસેમ્બર ૨૦૧૦ના દિવસે ભારતની સંસદ પર હુમલાના અપરાધી અફઝલને આપવામાં આવેલી ફાંસીનો બદલો લેવા માટે આવ્યા હતા. હુમલા અંગે ઓપરેશન પૂર્ણ થયા બાદ તપાસ કરવામાં આવતા ઉર્દૂમાં લખેલા સંદેશા મળી આવ્યા હતા. બીજી બાજુ ગુપ્તચર સંસ્થાઓએ કહ્યું છે કે, ત્રાસવાદીઓની ઓળખના સંદર્ભમાં કોઈ પુરાવા હાથ લાગ્યા નથી. પઠાણકોટ હુમલા પાછળ મૌલાના

● અનુસંધાન પાન-૭ પર

# ભાજપના રાષ્ટ્રીય પ્રમુખપદે અમિત શાહ યથાવત રહેશે

**નવા ચહેરાઓનો સમાવેશ કરાય તેવી શક્યતા : ઉત્તર પ્રદેશમાં બાજપેયીની જગ્યાએ અન્યની નિમણૂંકની શક્યતા પ્રમુખની ચૂંટણી પહેલા રાજ્ય એકમોમાં ફેરફાર**



નવી દિલ્હી,તા. ૬

બિહાર વિધાનસભાની ચૂંટણીમાં કારમી હાર થઈ હોવા છતાં ભાજપ પ્રમુખ અમિત શાહ પ્રમુખ તરીકેની જવાબદારી જાળવી રાખે તેવી શક્યતા દેખાઈ રહી છે. ભાજપના વડા તરીકે શાહની ફેર નિમણૂંકની સાથે સાથે મોટાપાયે ફેરફાર પણ થઈ શકે છે. પાર્ટીમાં કેટલાક નવા ચહેરાઓને સામેલ કરવામાં આવી શકે છે. બીજી અવધિ માટે ભાજપ પ્રમુખ બનનાર અમિત શાહ કેટલાક નવા ચહેરાઓને તક આપીને પાર્ટીની સ્થિતિને મજબૂત કરી શકે છે. એક કેબિનેટ પ્રધાન અને હાલ દેખાવ સારો નહીં કરેલા અન્ય કેટલાક પણ નવા ચહેરા તરીકે સામેલ કરાશે. પ્રાપ્ત માહિતી મુજબ રાજ્યના ભાજપ યુનિટના અડધાથી વધુ સ્થળો ઉપર નવી ટીમ આવે તેવી શક્યતા છે. નવા રાષ્ટ્રીય પ્રમુખની ચૂંટણી પહેલા ભાજપ એકમોમાં ધરખમ ફેરફારના ભણકારા વાગી રહ્યા છે. જાન્યુઆરીના અંતમાં રાષ્ટ્રીય પ્રમુખની ચૂંટણી યોજાનાર છે. સમાજવાદી પાર્ટીના શાસનમાં ભાજપ લીડરશીપ પછાત સમુદાયના નેતાને રાજ્ય એકમના પ્રમુખ તરીકે પસંદ કરી શકે છે. લક્ષ્મીકાંત બાજપેયીની જગ્યાએ અન્યની નિમણૂંકનો તખ્તો ગોઠવાઈ ચુક્યો છે. સ્વતંત્રદેવ સિંહ પ્રબળ દાવેદાર તરીકે દેખાઈ રહ્યા છે જ્યારે શ્રીકાંત શર્મા જે રાષ્ટ્રીય સેક્રેટરી તરીકે છે તેઓ જનરલ સેક્રેટરી બની શકે છે. અમિત શાહને તમામ રાજ્ય એકમોમાં નજીકના સાથીઓની નિમણૂંક કરવામાં આ વખતે સ્વતંત્રતા નહીં મળે તેમ પણ માનવામાં આવે છે.

# સેંસેક્સમાં ૧૭૪ પોઈન્ટનો ઘટાડો થતાં ભારે ચિંતા

**નિફ્ટી ઘટીને ૭૭૫૦થી નીચી સપાટીએ પહોંચતા ચિંતાનું મોજુ : અંતિમ કલાકોમાં વેચવાલી જામી ચીનના આર્થિક આંકડાઓ નબળા રહેતા માઠી અસર : ઉથલપાથલ યથાવત રહેવા સ્પષ્ટ એંધાણ**

મુંબઈ,તા. ૬

બેંચમાર્ક શેર ઈન્ડેક્સમાં આજે ત્રણ સપ્તાહની સૌથી નીચી સપાટી જોવા મળી હતી. ચીન તરફથી નબળા આર્થિક ડેટા મોડેથી જારી કરવામાં આવ્યા બાદ તેની સીધી અસર જોવા મળી હતી. મધ્યપૂર્વમાં સાઉદી અને ઈરાન વચ્ચે ભૌગોલિક તંગદિલી યથાવત રીતે રહી છે તેના કારણે પણ અસર થઈ છે. બીએસઈ સેંસેક્સ આજે ૧૭૪પોઈન્ટ ઘટીને ૨૫૪૦૬ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૪૪ પોઈન્ટ ઘટીને ૭૭૪૧ની સપાટીએ રહ્યો હતો. સેંસેક્સની સાથે સાથે નિફ્ટીમાં પણ તીવ્ર ઘટાડો રહેતા કારોબારીઓ ચિંતાતુર દેખાયા હતા. માર્કેટમાં દબાણની સ્થિતિ રહી હતી. ચીનના નબળા આર્થિક ડેટા જારી કરવામાં આવ્યા બાદ નવી વૈશ્વિક સમસ્યા ઉભી થઈ રહી હોવાના સંકેત મળી રહ્યા છે. રોકાણકારો ત્રીજા ત્રિમાસિક ગાળાના કમાણીના આંકડાને લઈને સાવધાન થયેલા છે. શેર અને સેક્ટરલ ઈન્ડેક્સની વાત કરવામાં આવે તો મેટલ અને ઓટો ઈન્ડેક્સમાં બીએસલઈ ઓલ એન્ડ ગેસ ઈન્ડેક્સમાં સૌથી વધુ સુધારો રહ્યો હતો જ્યારે એફએમસીજી ઈન્ડેક્સમાં સૌથી વધુ ઘટાડો રહ્યો હતો. નેશનલ સ્ટોક એક્સચેંજમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીના શેરની કિંમત એક વખતે પાંચ મહિનાની ઉંચી સપાટી ઉપર પહોંચી હતી પરંતુ ત્યારબાદ તેમાં ઉતારચઢાવની સ્થિતિ રહી હતી. ગઈકાલે મોટો કડાકો નોંધાયા બાદ સેંસેક્સ ૪૩ પોઈન્ટ ઘટીને ૨૫૫૮૦ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૯ પોઈન્ટ ઘટીને ૭૭૮૨ની સપાટીએ રહ્યો હતો. ઉથલપાથલના કારણે કારોબારીઓ દિશાહિન થયા હતા. અગાઉના સેશનમાં મોટો કડાકો નોંધાવવા માટે વિવિધ પરિણામો જવાબદાર રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, સેંસેક્સમાં વર્ષ ૨૦૧૫માં ૧૩૮૨ પોઈન્ટ અથવા તો ૫.૦૨ ટકાનો ઘટાડો થયો હતો. અગાઉના વર્ષમાં ૩૦ ટકાનો ઉછાળો નોંધાયા બાદ ૨૦૧૫માં ઘટાડો થયો હતો. ઈન્ડેક્સમાં છેલ્લે ૨૦૧૧માં ઘટાડો નોંધાયો હતો તે વર્ષે સેંસેક્સમાં ૨૪ ટકાનો ઘટાડો નોંધાયો હતો. ઈન્ડેક્સ ૨૦૧૫માં ૨૬૧૧૮ની સપાટીએ બંધ રહ્યો હતો.

## વહેલી સવારે શહેર ધુમ્મસથી છવાયું




(તસવીર : કશ્યપ નિમાવત)

# ગુજરાતી કવિ લાભશંકર ઠાકરનું નિધન

અમદાવાદ,તા. ૬

ગુજરાતી સાહિત્યના પ્રસિદ્ધ કવિ, નાટ્યકાર, નવલકથાકાર લાભશંકર ઠાકરનું લાંબી માદગી બાદ આજે અમદાવાદમાં અવસાન થયું હતું. તેમના અવસાનથી ગુજરાતી સાહિત્ય અને આયુર્વેદના ક્ષેત્રને મોટો ફટકો પડ્યો છે. તેમના અવસાનથી તેમના સમર્થકોમાં દુખનું મોજુ ફરી વળ્યુંછે. ૧૪ જાન્યુઆરી, ૧૯૩૫ના રોજ સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકામાં જન્મેલ ડૉ. લાભશંકર ઠાકર સાહિત્ય જગતમાં પુનર્વસુ નામના હુલામણા નામથી જાણીતા હતા. નવલકથા ક્ષેત્રે તેમનું યોગદાન મહત્વપૂર્ણ રહ્યુંછે. નવી પેઢીના લેખકો



માટે ડૉ. લાભશંકર ઠાકર માર્ગદર્શન અને શ્રદ્ધેય હતા. ગુજરાતી સાહિત્યક્ષેત્રે ડૉ. ઠાકરને અનેક ચંદ્રકોથી નવાજવામાં આવ્યા હતા. ડૉ.ઠાકર અસાધારણ પ્રાણશક્તિ ધરાવતા કવિ, અભિનેતા તેમજ સારા દિગ્દર્શક પણ હતા.

લાભશંકર જાદવજી ઠાકર પટકથાકાર તરીકે પણ લોકપ્રિય રહ્યા છે. તેમના અનેક લોકપ્રિય નામો પણ હતા. ગુજરાતી સાહિત્યના આધુનિક લેખક તરીકે પણ તેમને ગણવામાં આવે છે. નવી સ્ટાઈલથી તેમની લખવાની કલાકારી હતી. કવિતાઓમાં તેમની જુદી ભાષા સ્પષ્ટપણે દેખાઈ આવતી હતી.

## કવિ લાભશંકર ઠાકરને મુખ્યમંત્રીની શ્રદ્ધાંજલિ

મુખ્યમંત્રી આનંદીબેન પટેલ કવિ, નાટયકાર, અને સાહિત્ય સર્જન ક્ષેત્રની આગવી પ્રતિભા લાભશંકર ઠાકરના દુઃખદ અવસાન અંગે ઊંડા શોકની લાગણી વ્યક્ત કરી શ્રધ્ધાંજલિ પાઠવી છે. આનંદીબેને સ્વ.ઠાકરના અવસાનથી ગુજરાતી સાહિત્ય કાવ્ય નાટ્ય જગતને મોટી ખોટ પડી છે તેમ શોકસંદેશમાં જણાવતાં તેમના આત્માની પરમશાંતિ માટે પ્રભૂપ્રાર્થના પણ કરી છે.

100% FREE
English Grammar
(Std. 8 to 12)
આપને 100% ફ્રી ભણાવવામાં આવશે.
968 700 1010

નવી સીઝનની
રેંટિયો® દેશી તુવેર દાળ
એજ મીઠાશ એજ સોડમ...
૧, ૨, ૫ અને ૨૫ કીલોના પેકીંગમાં ખરીદો.




# આયાતી ગેસનો ભાવ ઘટાડો સીધો નાના ઉદ્યોગને આપવા નિર્ણય

**ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા ગેસના ભાવમાં બે ચરણમાં પાંચનો ઘટાડો : રાજ્યના બધા લઘુ ઉદ્યોગોને વર્ષે રૂપિયા ૬૨૫ કરોડનો સીધો આર્થિક લાભ મળશે : ઉર્જા મંત્રી સૌરભ પટેલનો દાવો : પીએનજી વપરાશકારોને રાહત**

અમદાવાદ, તા.૬


રાજ્ય ઉર્જા મંત્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજય સરકારે આયાતી કુદરતી ગેસનો ભાવ ઘટાડો સીધો જ પીએનજી ઔદ્યોગિક વપરાશકર્તા એવા લઘુ મધ્યમ ઉદ્યોગોને આપવાનો મહત્વનો નિર્ણય લીધો છે. જેના કારણે રાજયના લઘુ મધ્યમ ઉદ્યોગોને વર્ષે રૂપિયા ૬૨૫ કરોડનો સીધો જ આર્થિક લાભ થશે. મંત્રીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી આનંદીબેન પટેલના સફળ નેતૃત્વ હેઠળ રાજય સરકારે લઘુઉદ્યોગોના વિકાસ માટે અનેક વિધ પગલા ભર્યા છે. રાજય સરકારે પીએનજી વપરાશકર્તા લઘુ મધ્યમ ઉદ્યોગો માટે પીએનજી ગેસના ભાવમાં બે તબક્કામાં પ્રતિ ઘનમીટરે મહત્તમ ૫ જેટલો ધરખમ ભાવ ઘટાડો કર્યો છે. મંત્રીએ જણાવ્યું હતું કે, ભાવ ઘટાડો બે તબક્કામાં અમલમાં આવશે જે અંતર્ગત તા. ૧ જાન્યુઆરી ૨૦૧૬ થી પ્રતિ ઘનમીટરે મહત્તમ ત્રણનો ભાવ ઘટાડો મળશે. જે ૧-૪-૨૦૧૬થી વધુ ઉદ્યોગોને આપવાનું રાજય સરકારે નક્કી કર્યું છે. તે મુજબ બીજા તબક્કામાં પ્રતિ ઘનમીટરે વધારાની રૂ ૨નો ભાવ ઘટાડો અમલમાં

● અનુસંધાન પાન-૭ પર

હોટલ પથિકાશ્રમ
પાર્ટી પ્લોટ
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
• ગુજરાતી થાળી • મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
• કાફે (24x7) • બેન્કવેટ્સ • રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82


ઠંડીમાં ગરમા ગરમ
સાત્ત્વિક અને સ્વાદિષ્ટ
રજવાડી ખીચડી*

શિયાળાની શરૂઆત
સાથે જ સ્વાદસભર
મેનુમાં મજેદાર
વાનગીઓનું
આગમન...!
આવો, એકવાર ચાખી જુઓ..










*સાંજે ૬ થી રાત્રે ૧૦ સુધી ઉપલબ્ધ

અમે આપનો સ્વાદ જાણીએ છીએ...
we know your taste!
pooja PARLOUR
પૂજા પાર્લર
બી-૮, ડિસ્ટ્રિક્ટ શોપિંગ સેન્ટર,
સેક્ટર-૨૧, ગાંધીનગર
ફોન : 079-232 45555, 232 21162
મો. : 99099 46466